## ભરૂચ પેરોલ ફર્લો સ્ક્વોડે બે ફરાર આરોપીને ઝડપી જેલમાં ધકેલ્યા

**નેગોશિએબલ** ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ અને ફેમિલી કોર્ટમાં સજા પામેલા બે આરોપી ફરાર હતા




ભરૂચ: ભરૂચમાં નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટના ગુનામાં સજા પામેલો અને બીજો ફેમિલી કોર્ટમાં સજા પામેલો આરોપી નાસતો ફરતો હતો. આ બંને આરોપીને ભરૂચ જિલ્લા પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે ઝડપી પાડી જેલમાં ધકેલી દીધા હતા.

ભરૂચ એલસીબી પીએસઆઇ ડી.એ.તુવરના અને તેમની ટીમના માણસોએ આવા આરોપીઓને પકડી પાડવા માટે કામગીરી હાથ ધરી હતી, જેમાં ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-138ના કામે ત્રીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં એક વર્ષની સાદી કેદની સજા પામેલો આરોપી ભાવેશ હસમુખ પાટણવાડિયાને માહિતીના આધારે તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો. જેને ભરૂચ સી ડિવિઝન પોલીસમાં સોંપવામાં આવ્યો હતો.

બીજા એક કેસમાં પેરોલ ફર્લોની ટીમ અંકલેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન માહિતી મળી હતી કે, ફેમિલી કોર્ટ ભરૂચમાં ભરણપોષણનો કેસ ચાલી જતાં આરોપીને ગીરીશ ઉર્ફે ખાપો રવજી વસાવાને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ ૧૨૫(૩) મુજબ સજા થઈ હતી. જે આરોપી ભાગતો ફરતો હતો. તેને ટીમે ભરૂચના શુક્લતીર્થ ગામેથી ઝડપી પાડી ભરૂચ જિલ્લા સબજેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

## વાલિયાના મેરા ગામમાં લગ્નમાં નાચવા મુદ્દે બે જૂથ વચ્ચે ધિંગાણું

**મેરા** ગામ અને ગીજરમ ગામના યુવાનો વચ્ચે છૂટ્ટા હાથની મારામારી, જાનથી મારવાની ધમકી, પોલીસે બંને પક્ષની ફરિયાદ લઈ છ સામે ગુનો નોંધ્યો

ભરૂચ: લગ્ન પ્રસંગમાં નાચવા બાબતે મેરા ગામના બે જૂથ વચ્ચે બોલાચાલી બાદ ધીંગાણું થતા સામસામે ૬ જણાં વિરુદ્ધ ગુનો દાખલ થયો છે.

વાલિયા તાલુકાના મેરા ગામે મજુરી કરતો ૨૫ વર્ષીય બળદેવભાઈ દિલીપભાઈ વસાવા ૨૪મી એપ્રિલની મધરાત્રે ગીજરમ ગામે તેના મિત્રના ઘરે લગ્ન પ્રસંગે ગયો હતો. જ્યાં નાચવા બાબતે મેરા ગામના કલ્પેશ રમેશભાઈ વસાવાએ બોલાચાલી કરતા તે ઘરે પરત આવી ગયો હતો. એ વખતે ઉશ્કેરાયેલા કલ્પેશ વસાવા સાથે રમેશ મધુભાઈ વસાવા, મેહુલ રમેશભાઈ વસાવા, રાહુલ રમેશભાઈ વસાવા ભેગા મળીને બળદેવ વસાવાના ઘરે આવી ગમેતેમ ગાળો બોલવા માંડ્યા હતા. બળદેવ વસાવાને જમીન પર પાડી દઈને કલ્પેશ વસાવાએ લાકડીના સપાટા માર્યા હતાં. તેના અન્ય ભાઈઓએ પણ ઢીકાપાટુંનો માર મારતા બળદેવ વસાવાના માતા-પિતા, દાદી-પત્ની અને આજુબાજુના લોકોએ વચ્ચે પડીને બચાવ્યો હતો. જતા જતા એવી ધમકી આપી હતી કે આજે તું બચી ગયો છે, પણ બીજીવાર મળશે તો તને જાનથી મારી નાખીશું. જે બાબતે બળદેવ વસાવાએ વાલિયા પોલીસમાં ફરિયાદ આપતા કલ્પેશ વસાવા સહિત ચાર જણાં સામે મારામારી અને જાનથી મારી નાંખવા સબબનો ગુનો પોલીસે નોંધ્યો છે.

જ્યારે સામે પક્ષે લખાવેલ ફરિયાદ અનુસાર, મેરા ગામના ૨૮ વર્ષીય કલ્પેશભાઈ રમેશભાઈ વસાવાએ, ગીજરમ ગામે લગ્ન પ્રસંગે નાચવા બાબતે બળદેવ દિલીપભાઈ વસાવાએ ધક્કો મારીને ઝઘડો કર્યો હતો. જેથી તેઓ મેરા ગામે પરત આવતા ઝઘડાનું ઉપરાણું લઈને બળદેવ વસાવાના પિતા દિલીપ વસાવાએ ગમે તેમ ગાળો બોલી હતી. બળદેવ વસાવાએ તું ત્યાં લગ્નમાં બચી ગયો છે, આજે તને જાનથી મારી નાંખીશ, એવી ધમકી આપીને હાથમાં પહેરેલા કડા વડે માથામાં મારતા સામાન્ય ઈજા થતા વાલિયા સરકારી દવાખાનામાં સારવાર કરાવી હતી. જે બાબતે કલ્પેશ વસાવાએ વાલિયા પોલીસમાં ફરિયાદ આપતા પિતા-પુત્ર સામે મારામારી અને જાનથી મારી નાંખવાની ધમકી આપવા અંગેનો ગુનો નોંધાયો છે. પોલીસે બંને પક્ષોની સામસામે ફરિયાદ નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## 'માર્ગ નહીં તો વોટ નહીં': આમોદનાં પાંચ ગામના લોકોની ચૂંટણી બહિષ્કારની ચીમકી

**મછાસરા**, માંગરોલ, દેણવા, વલીપોર, હેતમપુર ગામના આગેવાનોએ આમોદ નાયબ મામલતદાર આવેદનપત્ર પાઠવ્યું



ભરૂચ: આમોદના મછાસરા, માંગરોલ, દેણવા, વલીપોર, હેતમપુરનાં પાંચ ગામોના માર્ગ બિસમાર બન્યો છે. જેના કારણે આ વિસ્તારના સ્થાનિકોને ભારે મુશ્કેલીઓ વેઠવાનો વારો આવે છે. જેના વિરોધમાં ગુરુવારે પાંચ ગામના આગેવાનોએ આમોદ નાયબ મામલતદાર આવેદનપત્ર આપી ચૂંટણી બહિષ્કાર કરવાની ચીમકી આપી હતી.

આમોદ તાલુકાનાં મછાસરા, માંગરોલ, દેણવા, વલીપોર, હેતમપુરનાં પાંચ ગામોના આગેવાનોએ આપેલા આવેદનપત્ર જણાવ્યું હતું કે, આછોદથી લઈને દેણવા સુધી ૧૦ કિલોમીટર સુધીનો રસ્તો ખૂબ જ ઉબડખાબડ અને જર્જરિત બનતાં આ રોડ ઉપરથી પસાર થતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

આ બિસમાર બનેલા રોડને કારણે દર્દીઓ, પ્રસૂતા બહેનો વૃદ્ધો તેમજ બીમાર વ્યક્તિઓને વાહન મારફતે અવરજવરના કરવામાં ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ બાબતે ગ્રામજનોએ તંત્રને અનેક વખત રજૂઆત કરવા છતાં કોઈ પરિણામ નહીં આવતાં પાંચ ગામના લોકોએ મામલતદારને આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવાની તંત્રને લેખિત ચીમકી ઉચ્ચારી દીધી હતી.

## રાહદારીઓ પાસેથી ફોન છીનવી લેતા બે આરોપી ઝડપાયા

પલસાણા: કડોદરા જીઆઈડીસી પોલીસને બાતમી મળી હતી કે, એક બાઈક નં.(જીજે 5 એલવાય 6622) ઉપર બે ઇસમ બારડોલીથી કડોદરા તરફ આવી રહ્યા છે. જેની આગળના ભાગે નંબર પ્લેટ નથી. તેઓ મોબાઇલ ચોરી કરતાં હોય અને તેઓ પાસે ચોરીના મોબાઇલ છે. આથી પોલીસે મોદી હોસ્પિટલની સામે બારડોલીથી સુરત તરફ જતાં રોડ પર વોચ ગોઠવી હતી. એ સમયે આવેલા શખ્સો પાસેથી ચાર મોબાઇલ ફોન મળ્યા હતા. તેમણે રાહદારીઓ પાસેથી મોબાઇલ છીનવી લીધાની કબૂલાત કરી હતી. પોલીસે બંને આરોપી પ્રફુલ વિશ્વાસ ભીમરાવ અને નરેશ જ્ઞાનેશ્વર હિંમત પાટીલ (બંને રહે., સાઈદીપ સોસાયટી, જોળવા)ની ધરપકડ કરી હતી. પોલીસે 4 મોબાઇલ કિં.રૂ.63,999 અને એક બાઇક કિં. રૂ. 50 હજાર મળી 1,13,999 રૂ.નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## સારંગપુર ગામમાં કરિયાણાની દુકાનમાં ગેરકાયદે ગેસ રિફિલિંગ, એક ઝડપાયો

**ગેસની** ૫ નંગ બોટલ, વજન કાંટો અને રિફિલિંગ પાઇપ મળી રૂ.૮ હજારથી વધુનો મુદ્દામાલ કબજે


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ગેસની બોટલમાંથી પરવાના વગર ગેસ રિફિલિંગ કરતા એક ઈસમને સારંગપુરમાંથી ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન સારંગપુરના પદ્માવતીનગરમાં આવેલા ધનલક્ષ્મી કિરાણા સ્ટોર નામની દુકાનમાં સરવનકુમાર આશુરામ ખટીક ગેરકાયદે ગેસ રિફિલિંગ કરતો હોવાની બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડા પાડ્યા હતા. જ્યાંથી નાની-મોટી ગેસની ૫ નંગ બોટલ તથા ૧ નંગ ડિજિટલ વજન કાંટો તેમજ ૧ નંગ રિફિલિંગ પાઈપ મળી કુલ રૂ.૮ હજારથી વધુના મુદ્દામાલ સાથે સરવનકુમાર ખટીકને ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે આરોપી વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## દહેજ પંથકમાં ખુલ્લેઆમ દેશી દારૂનું વેચાણ, ફોટો વાયરલ

**તંત્રની** ઉદાસીનતાને કારણે લઠ્ઠાકાંડ સર્જાય એવી સંભાવના



ભરૂચ: વાગરાના દહેજ પંથકમાં ખુલ્લેઆમ દેશી દારૂનું વેચાણ થઈ રહ્યું હોવાના વિડીયો વાઈરલ થઈ રહ્યા છે. દહેજ પોલીસમથકની હદમાં ખુલ્લેઆમ ચાલતા આ દારૂના વેપલામાં સંબંધિત તંત્રની ઉદાસીનતાથી પંથકમાં કોઈ મોટો લઠ્ઠાકાંડ સર્જાય તેવી દહેશત વર્તાઈ રહી છે.

દહેજમાં વડદલા ગામની અંદર ખુલ્લા મેદાનમાં સરેઆમ દારૂની પોટલીઓ વેચવામાં આવી રહી હોવાનાં ફૂટેજ વાઈરલ થઇ રહ્યાં છે, જેમાં કડોદરા ગામનો કુખ્યાત બુટલેગર કોઈ ખોફ વગર દારૂની પોટલીઓ વેચી રહ્યો છે. કારણ કે, આ વિસ્તારમાં તેને રોકનાર કે ટોકનાર કોઈ હોય તેમ જણાતું નથી. તેની સાથે એક મહિલા પણ દેશી દારૂનો વેપલો ચલાવી રહેલ હોવાનું ફૂટેજમાં જણાઈ રહ્યું છે.

### સંક્ષિપ્ત સમાચાર

#### ભરૂચ જિલ્લા તિજોરી કચેરી દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ભરૂચ: લોકસભા ચૂંટણી ૨૦૨૪માં મતદાતાઓ ઉત્સાહભેર મતદાન કરે એ માટે સ્વીપ (સિસ્ટમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઇલેક્ટોરલ પાર્ટીસિપેશન-SVEEP) અંતર્ગત સ્વીપ નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી સ્વાતીબા રાઓલના રાહબરી વિવિધ આયોજનો કરવામાં આવી રહ્યાં છે. ભરૂચની જિલ્લા તિજોરી કચેરી ભરૂચ દ્વારા ભરૂચ આયોજન ભવન, જંબુસર અને વાલિયા તાલુકા ખાતે પણ આયોજિત પેન્શનર મંડળની મીટિંગમાં આગામી લોકસભા ચૂંટણીમાં સભાસદોને મહત્તમ મતદાન કરવા સમજણ અપાઈ હતી. આ તેમજ મતદાન કરવાનાં શપથ લેવડાવવામાં આવ્યાં હતાં.

#### ભરૂચમાં મતદાન જાગૃતિ બાબતે બેઠક યોજાઈ



ભરૂચ: લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત ભરૂચ જિલ્લાના લોકોમાં મતદાન જાગૃતિ લાવવાના હેતુસર સ્વીપ એક્ટિવિટી અંતર્ગત મતદાન જાગૃતિલક્ષી કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. જેના ભાગરૂપે DDOના અધ્યક્ષ સ્થાને જિલ્લા પંચાયત, ભરૂચ ખાતે સોશિયલ મીડિયા ઇન્ફલુએન્સર સાથે મતદાન જાગૃતિલક્ષી બેઠક યોજાઈ હતી. ભરૂચ જિલ્લા SVEEP નોડલ અધિકારી સ્વાતિબા રાઓલ સાથે જાણીતા કલાકાર અભેસિંહ રાઠોડ અને incredible ભરૂચ, Amazing ભરૂચ અને Amazing અંક્લેશ્વરના સોશિયલ મીડિયા ઇન્ફલુએન્સર ઉપસ્થિત હતા.

#### ભરૂચ જિલ્લામાં શિષ્યવૃત્તિની પરીક્ષા લેવાશે

ભરૂચ: ભરૂચ જિલ્લામાં આગામી ૨૮મીના રોજ પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ-૨૦૨૪ની પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવનાર છે. જિલ્લામાં યોજાનાર પરીક્ષામાં કુલ ૬૬૪૬ અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં ૧૬૪૮ વિદ્યાર્થી પ્રાથમિક મળીને કુલ ૮૨૯૪ વિદ્યાર્થી પરીક્ષા આપનાર છે. આ પરીક્ષા માટે જિલ્લાના કુલ ૩૭ કેન્દ્રો અને ૬૧૮ બ્લોક નક્કી કરવામાં આવ્યા છે. આ તમામ કેન્દ્રો પર સીસીટીવી કેમેરા પણ ચકાસી લેવામાં આવ્યા છે. આ પરીક્ષા પાસ કરનાર અને મેરિટમાં આવનાર દરેક વિદ્યાર્થીને પ્રતિમાસ રૂ.૧૦૦૦ લેખે ૧૦ મહિનામાં કુલ રૂ.૧૦,૦૦૦ શિષ્યવૃત્તિ પેટે ચૂકવાશે.

#### જંબુસરમાં યુવા મતદારોએ મતદાનનો સંકલ્પ લીધો



ભરૂચ: અવસર લોકશાહીનો, ચુનાવ પર્વ રાષ્ટ્રીય ગર્વ...મારો મત અમૂલ્ય મત, મતદાન જાગૃતિ અંતર્ગત જે.એમ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ જંબુસર ખાતે યુવાઓ દ્વારા વિવિધ મતદાન જાગૃતિ માટેના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. યુવા મતદારો કે જેઓ પ્રથમ વખત મતદાન કરનાર હોવાથી તેઓને મતદાન પ્રક્રિયાનું માર્ગદર્શન આપ્યું અને તેમનો મત કેટલો મૂલ્યવાન છે તેની સમજ આપી ૭મી મેના રોજ અચૂક મતદાન કરવા શપથ લેવડાવ્યા હતા. મતદાન જનજાગૃતિ કાર્યક્રમમાં યુવાઓ ઉત્સાહપૂર્વક સહભાગી બની રહ્યા છે. સ્વીપ અને મતદાનની પ્રક્રિયાથી માહિતગાર બની રહ્યા છે.

## ઝઘડિયાના કૃષ્ણપરી ગામે છોકરી ભગાડવાની શંકામાં બે પક્ષ બાખડ્યા

**મહિલાઓથી** મારામારીની શરૂઆત થઈ અને બંને પક્ષના વધુ સભ્યો પણ ઝઘડામાં કૂદ્યા, ચાર મહિલા સહિત 10 લોકો સામે પોલીસે ગુનો નોંધ્યો

ઝઘડિયા: ભરૂચ જીલ્લાના ઝઘડિયા તાલુકાના કૃષ્ણપરી ગામે છોકરી ભગાડવાની શંકામાં બે પક્ષો વચ્ચે થયેલ ઝઘડામાં બન્ને પક્ષે ચાર મહિલાઓ સહિત કુલ ૧૦ વ્યક્તિઓ સામે સામસામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

રાજપારડી પોલીસમાં કૃષ્ણપરીના જયદિપભાઈ કનુભાઈ વસાવાએ લખાવેલ ફરિયાદ મુજબ, ગત ૧૭ મીના રોજ રાતના નવ વાગ્યાના અરસામાં ગામના અનિલભાઈ વસાવા તેમજ તેમની પત્ની અંબાબેન કોઈ કામથી ફળિયામાં આવ્યાં હતાં. ત્યારે જયદિપનાં માતા શકુબેને અનિલભાઈને પૂછ્યું હતું કે, મારી છોકરીને ભગાડવામાં તારો હાથ છે કે નહીં? આ સાંભળીને અનિલભાઈ તેમજ તેમના પત્ની એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરવા લાગ્યા હતા. ત્યારબાદ અનિલભાઈની પત્ની અંબાબેન, શકુબેનને માર મારવા લાગ્યાં હતાં.

તેમનું ઉપરાણું લઈને શકુબેન પારસંગભાઈ વસાવા નામની મહિલા પણ ત્યાં દોડી આવી હતી અને ઝપાઝપી કરવા લાગી હતી. ત્યારબાદ આ લોકો જતા-જતા અનિલભાઈએ તને પતાવી દઈશ એવી ધમકી આપી હતી.

આ સંદર્ભે રાજપારડી પોલીસે અનિલભાઈ પારસંગભાઈ વસાવા, અંબાબેન અનિલભાઈ વસાવા તેમજ શકુબેન પારસંગભાઈ વસાવા (ત્રણેય રહે. કૃષ્ણપરી તા. ઝઘડિયા જિ. ભરૂચ) વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જ્યારે સામા પક્ષે અનિલ પારસંગભાઈ વસાવાએ લખાવેલ ફરિયાદ મુજબ, ગઈ ૧૭મીના રોજ રાતના નવ વાગ્યાના અરસામાં તેઓ ઘરેથી નીકળીને ગામની નવી નગરીમાં રહેતા તેમના મોટાબાપુને ત્યાં ગયા હતા. ત્યારે ગામની શકુબેન કનુભાઈ વસાવા તેમને કહેવા લાગેલ કે, મારી છોકરી નેહાને તમારા સંબંધી નિલેશ સાથે કેમ ભગાડી દીધેલ છે? તેવું કહી ઝઘડો કરવા લાગ્યા હતા. જેમાં ઉપરાણું લઈને અન્ય વ્યક્તિઓ પણ ઝઘડામાં જોડાઈ હતી.

આ સંદર્ભે રાજપારડી પોલીસે શકુબેન કનુભાઈ વસાવા, બુધિયાભાઈ ગુમાનભાઈ વસાવા, જયદિપ ઉર્ફે કુલદિપ કનુભાઈ વસાવા, કંચનભાઈ શનાભાઈ વસાવા (તમામ રહે. કૃષ્ણપરી તા. ઝઘડિયા), તેમજ સતિષ ગંભીર વસાવા, શનાભાઈ ફતેસિંગ વસાવા તેમજ નિરૂબેન શનાભાઈ વસાવા (તમામ રહે. ગામ ખારિયા તા. ઝઘડિયા) વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ચૂંટણીલક્ષી જાહેરનામું, ઉશ્કેરણીજનક ભાષણો પર ભરૂચ કલેક્ટરનો પ્રતિબંધ

**રાષ્ટ્રની** સલામતી જોખમાતી હોય તેવાં ભાષણો આપવા, કોઈના ચાળા પાડવા કે નકલો ઉતારશો તો શિક્ષાને પાત્ર

ભરૂચ: ભારતના ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણી સમય દરમિયાન જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં હાથ ધરાયા છે. જેમાં કોઈ પણ પ્રકારની સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે એ હેતુથી જરૂરી પ્રતિબંધ મુકવામાં આવ્યા છે.

આગામી તા. ૭મી મે ૨૦૨૪ના રોજ લોકસભાની ચૂંટણીઓ યોજાનાર છે ત્યારે જિલ્લામાં જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાય તે હેતુસર ભરૂચ જિલ્લા મેજીસ્ટ્રેટ તુષાર સુમેરાએ એક જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં ભરૂચ જિલ્લાના તમામ મહેસુલી વિસ્તારમાં છટાદાર ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાથી, ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ કે વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની, અથવા તેનો ફેલાવો કરવાની કે પછી આ બાબતે સક્ષમ સત્તાધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાષ્ટ્રની સલામતી જોખમાતી હોય તેવા ભાષણો આપવાની તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની કે તેનો ફેલાવો કરવાના કૃત્યો પર પ્રતિબંધ રહેશે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર છે. આ જાહેરનામા તા.૬-૬-૨૦૨૪ સુધી અમલમાં રહેશે.

## અંકલેશ્વરમાં ગંજીપાના પર જુગાર રમતા છ જુગારી રંગેહાથ ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર જિન ફળિયામાં બસ ડેપોની સામે ગલીમાં ખુલ્લી જગ્યામાં ગંજીપાના પત્તા પાના-પૈસા વડે હારજીતનો જુગાર રમતા ૬ ઈસમોને ઝડપી અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી મળી હતી કે, "અંકલેશ્વર શહેર જિન ફળિયામાં બસ ડેપોની સામે આવેલ ગલીમાં આવેલ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ભેગા મળી પત્તાપાના પૈસા વડે હારજીતનો જુગાર રમી રમે છે" જે બાતમી આધારે બાતમીવાળી જગ્યાએ રેડ કરી છ જેટલા જુગારીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે મનોજ ગોકુલચંદ શર્મા, મીતેષ ગૈજી ઠાકોર, રવી ઈસુ વસાવા, પરષોત્તમ ફકીર સોલંકી, પ્રહલાદ સાગરમલ વસાવા, સલીમ મોહમંદ શેખને ઝડપી પાડી તેમની પાસેથી દાવ ઉપરના અને અંગઝડતીના રોકડા રૂ.૧૧૧૩૦ જપ્ત કર્યા હતા.

## નિઝરના નંદાદેવી નજીક તાપી નદીમાંથી અજાણ્યાની લાશ મળી

વ્યારા: નિઝરના તાપી નદી કિનારે આવેલા નંદા દેવી મંદિર નજીકથી એક અજાણ્યા પુરુષની લાશ મળી આવી હતી. બનાવની જાણ પોલીસને કરવામાં આવતાં લાશનો કબજો લઈ પોલીસે અજાણ્યા પુરુષના વાલીવારસોને શોધવાની તજવીજ હાથ ધરી હતી.

## પાસોદરા પાટિયા પાસે કારમાંથી બેટરી ચોરનાર બે ઈસમ પકડાયા

**વૈભવ** સાકરિયા અને રાહુલ ઠાકોર કાપોદ્રા, સરથાણા, પુણા, અમરોલી, વરાછા તેમજ વડોદરા શહેરમાં પણ પકડાઈ ચૂક્યા છે

કામરેજ: મૂળ ભાવનગરના અખેગઢ ગામના વતની અને હાલ કામરેજ કેનાલ રોડ પર આવેલી વિનાયક રેસિડન્સીમાં રહેતા મહેશ મનસુખ નકુમ કાર લે-વેચનો ધંધો કરે છે. બે માસ અગાઉ કેનાલ રોડ પર બાપા સીતારામ ચોક પાસે આવેલા એમ.જી. ડ્રીમ્સ કોમ્પ્લેક્સમાં દુકાન નં.7 આવેલી ઓફિસના પાર્કિંગમાં બે કારો મૂકી હતી. જેમાંથી બેટરી ચોરી થઈ ગઈ હતી. બાદ થોડા દિવસ અગાઉ પણ એક ગાડીમાંથી બેટરીની ચોરી થતાં કામરેજ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે ચોરીની બેટરી પ્લાસ્ટિકના કોથળામાં રાખીને વેચવા માટે જઈ રહેલા બે ઈસમ પાસોદરા પાટિયા પાસે ઊભા હોવાની માહિતી કામરેજ પોલીસને મળતાં સ્ટાફ સાથે જઈ વૈભવ ઉમેદ સાકરિયા (હાલ રહે.,સી-501, શગુન લિવોની, બાપા સીતારામ ચોક, કામરેજ, મૂળ-રાજકોટ) અને રાહુલ સોમા ઠાકોર (હાલ રહે.,લસકાણા, મૂળ રહે.,અમદાવાદ)ને પકડી લેતાં બંને પાસે ત્રણ બેટરી મળી આવતાં કબજે કરી પૂછપરછ કરતાં બંને સુરતના કાપોદ્રા, સરથાણા, પુણા, અમરોલી, વરાછા તેમજ વડોદરા શહેરમાં ચોરીના ગુનામાં પકડાયા હતા.

## 'તમારી દીકરીને દસ લાખ લઈને મોકલજો' હલદરવાની પરિણીતાને સાસરિયાનો ત્રાસ

**માતાને** તેની ત્રણ વર્ષીય દીકરીથી પણ વંચિત રાખી, મહારાષ્ટ્રના સાસરિયા સામે ફરિયાદ

ભરૂચ: મહારાષ્ટ્રમાં પરણાવેલી હલદરવાની પરિણીતાને તેના પતિ, સાસુ અને સસરાએ માનસિક-શારીરિક ત્રાસ આપી રૂ.૧૦ લાખની માંગણી કરતાં મામલો ભરૂચ મહિલા પોલીસ સ્ટેશને પહોંચ્યો છે.

ભરૂચના હલદરવા રહેતી ૩૩ વર્ષીય મનોરમા મહેશ પટેલનાં લગ્ન તા.૭ મે-૨૦૧૯ના રોજ પ્રતીક જગદીશ પટેલ (રહે., યોગી સિડ્સ એન્ડ એગ્રો સેન્ટર, મુ.પો. તલસારી, જિ.પાલઘર, મહારાષ્ટ્ર) સાથે થયાં હતાં. જેના ફળસ્વરૂપે ત્રણ વર્ષની દીકરી છે. પતિએ શરૂઆતમાં સારું રાખ્યા બાદ પોતાનું પોત પ્રકાશ્યું હતું, જેમાં પિયરમાં જવાની ના પાડતા હતા, પરિણીતા પર ખોટો ખોટો શક રાખી માનસિક ત્રાસ આપતો હતો તથા દારૂ પીને ગમેતેમ ગાળો બોલી મારપીટ કરતો હતો. સાસુ વર્ષાબેન પટેલ પણ મહેણાંટોણાં મારતાં હતાં કે, તારાં સંસ્કાર સારાં નથી. હદ તો ત્યારે થઈ કે, તેણીના સસરા જગદીશ ચંદુ પટેલ નવું ઘર બનાવવા પિયરમાંથી પચાસ લાખ લઈ આવ એમ કહી ટોર્ચર કરીને દહેજની માંગણી કરતા હતા.

ગત તા.૨૩ ડિસેમ્બર-૨૦૨૩ના રોજ પરિણીતા સાથે સાસુ-સસરાએ ઝઘડો કરીને મારપીટ કરી રૂપિયા લઈ આવવા દબાણ કર્યું હતું. ડિસેમ્બર-૨૦૨૩માં પરિણીતાની બહેન લંડનથી ભરૂચ આવી હતી. એ વખતે પણ તેમના પતિ અને સસરાએ રૂપિયા લાવવા તેમની ત્રણ વર્ષની દીકરી ચાર્વી વગર પિયર મોકલી આપી હતી. ત્યારે તેમના સસરાએ પરિણીતાની માતાને કહ્યું હતું કે, હવે તમારી દીકરીને રૂ.૧૦ લાખ લઈને જ મોકલજો. જે બાદ કોઈ તેડવા આવ્યા નથી કે માતાને તેની દીકરી પણ આપી નથી. જેને લઈ પરિણીતાએ આખરે ભરૂચ મહિલા પોલીસમાં પતિ, સાસુ અને સસરા સામે માનસિક-શારીરિક ત્રાસ અને દહેજ ધારા હેઠળ ફરિયાદ નોંધાવતાં પોલીસે સાસરિયા વિરુદ્ધ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.


બારડોલી વિભાગ ગ્રામ વિકાસ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લિ. બારડોલી.
સહકાર સદન,સ્ટેશન રોડ બારડોલી . ૩૯૪૬૦૨ જી. સુરત
આપણો સહયોગ આપણો વિકાસ

વાર્ષિક સાધારણ સભા ની નોટીસ

આથી સોસાયટી ના તમામ સભાસદોને જાણ કરવામાં આવે છે કે આપણી સંસ્થાની ૩૨ મી વાર્ષિક સાધારણ સભા તારીખ: ૦૩-૦૫-૨૦૨૪ ને શુક્રવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે શ્રી કેદારેશ્વર જ્ઞાનેશ્વર મહાદેવ મંદિર પરિસર માં વાર્ષિક રિપોર્ટ માં જણાવેલ એજન્ડા ના કામો માટે રાખવામાં આવી છે.
નોંધ : વાર્ષિક અહેવાલ મળ્યા ન હોય તો તેમણે સોસાયટી માં આવી મેળવી લેવા વિનંતી. વ્યવસ્થાપક કમિટીના આદેશથી.

રાજેશભાઈ બી. નાયક
મેનેજર



Milano MULTIPLEX
બારડોલી
Ruslaan :- 10:00Am, 01:00Pm, 04:00Pm, 07:00Pm, 10:00Pm.
Ghostbusters: Frozen Empire (Hindi):- 12:00Pm, 03:00Pm, 06:30Pm, 09:30Pm.
Bade Miyan Chote Miyan 02:00Pm, 09:00Pm.
Main Ladega :- 11:00Am, 06:00pm.
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333